| પૂરક પ્રશ્ન ક્રમાંક.૦૨ | અગ્રતાક્રમ – ૧૦ |
|---|---|
| | શ્રી મહેશભાઈ કસવાલા, સાવરકુંડલા |

**પ્રશ્ન**

**(અ) આ યોજનાથી રાજુલા તાલુકાના ખેરા ગામના કેટલા રહેણાંક મકાનો અને કેટલી ખેતીની જમીનને રક્ષણ મળશે? તેમજ આ કામની લંબાઇ અને ઊંચાઇ કેટલી છે ?**

**(બ) રાજુલા તાલુકાના ખેરા ગામની દરિયાઈ સીમામાં હવે આવા સમાન પ્રકારના દરિયાઈ ધોવાણને લગત કામો કરવા કોઈ માંગણી છે કે કેમ ? જો હા, તો તેની વિગતો રજુ કરશો.**

**જવાબ**

(અ) આ યોજનાથી રાજુલા તાલુકાના ખેરા ગામના આશરે **૧૫૦** જેટલા રહેણાંક મકાનો અને અંદાજીત **૩૦ હેક્ટર** ખેતીની જમીન તેમજ અંદાજીત **૬૩૦ મીટર** લંબાઈમાં – દરિયાઈ સપાટીથી અંદાજે **૭ મીટર**ની ઊંચાઈમાં દરિયાઈ ધોવાણ સામે રક્ષણ મળશે.

(બ) હા, રાજુલા તાલુકાના ખેરા ગામની દરિયાઈ સીમામાં દરિયાઈ ધોવણ અટકાવવા માટે ખેરા **ફેજ–૨**ની કામગીરી કરવાની રજૂઆત હોઈ સરકારશ્રી દ્વારા ખેરા **ફેજ–૨**નાં **૧૬૮૦ મીટર**ની લંબાઈના કામ માટે **૩.૨૨ કરોડ**ની **સૈધ્ધાંતિક મંજૂરી** આપવામાં આવેલ છે.

રાજુલા તાલુકાના ખેરા ગામમાં સૂચિત ખેરા **ફેઝ–૨**નાં કામથી અંદાજે **૬૦ હેક્ટર** ખેતીની જમીન અને અંદાજે **૨૦૦ રહેણાંક** મકાનોને દરિયાઈ ધોવણથી રક્ષણ મળે તેમ છે.